**સ્પેશ્યલ દિવાની મુકદમા નં.૪/૨૦૨૧ ના કામે આંક–૫ ની વચગાળાની મનાઇ હુકમની અરજી લગત હુકમ**

(૧) વાદી દ્વારા હાલનો આ દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા માટે લાવવામાં આવેલ છે. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,વાદી તથા પ્રતિવાદીઓ ભાઇઓ થાય છે. વાદી અને પ્રતિવાદીના પિતાશ્રી શીવલાલ જસમતભાઇ કાલરીયા હતા તેઓનું અવસાન તા.૪.૬.૨૦૧૫ ના રોજ થયેલ. સ્વ.શીવલાલ જસમતભાઇ કાલરીયાની રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના ગામ જેતપુર ભાદર નદીના સામા કાંઠે રે.સ.નં.૭૨૪/૯ ની જમીન એકર ૫–૩૫ ગુંઠા આવેલ. આ જમીન સ્વ.પિતાશ્રી શીવલાલભાઇની માલિકીની જમીન હતી અને તેઓના વીલમાં જણાવ્યા મુજબ તેઓએ આ જમીન વેચાણ લીધેલ હતી.વાદી પ્રતિવાદી ઉપરાંત તેમના સ્વ.પિતાશ્રીને ચુનીલાલભાઇ તથા સીમાબેન એમ વાદી અને પ્રતિવાદી સહિત ત્રણ દિકરાઓ અને એક દિકરી એમ સંતાનો હતા. સ્વ.પિતાશ્રીએ તેમની હૈયાતીમાં આશરે ૧૯૯૬ ની સાલમાં કૌટુબિંક વહેંચણી કરેલ હતી પરંતુ તે મુજબ જમીનનો કબજો ભોગવટો સોંપેલ નહી સદરહું જમીનનો કબજો વાદી ધરાવતા હતા. આ કૌટુંબિક સમજણ થયા બાદ ફરીથી સ્વ.પિતાશ્રી તથા ત્રણેય ભાઇઓની હાજરીમાં ઉપરોકત સર્વે નં.૭૨૪/૯ ની જમીન વાદી તથા વાદીના ભાઇ ચુનીલાલભાઇના ભાગમાં આવેલ અને દાવાવાળી જમીનનો કબજો ભોગવટો તેઓ બંને ભાઇઓ ધરાવતા હતા.પ્રથમ કૌટુંબિક વહેંચણી થઇ તે સમયે પ્રતિવાદીને અગાઉ જણાવ્યા મુજબ કબજો સોંપવામાં આવેલ ન હોત પરંતુ પ્રતિવાદીના સંતોષ ખાતર સ્વ.પિતાશ્રીએ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીનું નામ દાખલ કરવા માટે અરજી તૈયાર કરેલ હતી. સ્વ. પિતાશ્રીએ તા.૨૭.૫.૨૦૦૪ ના રોજ તેમની મિલકતો સબંધે વીલ તૈયાર કરેલ. આ વીલના પારા–૭ માં સ્વ. પિતાશ્રીએ જણાવેલ કે અગાઉ સર્વે નં.૭૨૪/૯ ની ખેતીની જમીન ક્ષેત્રફળ એકર૫–૩૫ ગુંઠા જમીન રેવન્યુ રેકર્ડમાં વાદીના નામે હતી તે આ જમીન ખેતીની જમીન કેટલાક વર્ષ પહેલા વેચાણ લીધેલ

હોય ને આ ખેતીની જમીન મારી સ્વપાર્જીત મિલકત હતી. તે ખેતીની જમીન મારા પુત્ર પ્રવિણચંદ્રના નામે રેવન્યુ રેકર્ડમાં ચડાવી દીધેલ છે રેવન્યુ રેકર્ડમાં ચડાવ્યા બાદ ફરીથી કૌટુબિક મિલકતની વહેંચણી કરતા આ સર્વે નં.૭૨૪/૯ ની ખેતીની જમીન ક્ષેત્રફળ એકર ૫૦૩૫ ગુંઠા જમીન કાંતિલાલ અને ચુનીલાલ ના ભાગમાં આવેલ જેથી આ ખેતીની જમીન બંનેના કબજામાં છે અને તેઓ બંને ભોગવટો કરી અને ઉપજ લે છે. વીલના પારા–૮ માં આ જમીનમાં પ્રવિણચંદ્રનો કોઇ હકક નથી તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. "ત્રણેય પુત્રોએ પિતા દરજજે વ્યાજબી અને ન્યાયી કૌટુબિંક વહેંચણી કરેલ છે અને ત્રણેય પુત્રોએ મારી હાજરી અને સાક્ષીએ કરેલ ફેરફાર મુજબ વર્તવુ છે" સદરહું ૨૦૦૪ ના વીલા કર્યા બાદ ચુનીલાલભાઇએ તેમનો હિસ્સો ન જોઇતો હોય તેવી મૌખિક ઇચ્છા વ્યકત કરતા સ્વ.પિતાશ્રીએ તેમની હૈયાતીમાં તેમની સ્થાવર જંગમ મિલકત સબંધે અનું નં.૫૩૩૯ તા.૨૧.૧૧.૨૦૧૧ થી કરેલ રજીસ્ટર્ડ વીલમાં પારા–૭ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો વાદી ધરાવે છે. વાદીએ પ્રતિવાદીને પિતાશ્રી વીલમાં જણાવ્યા મુજબ બધાની હાજરીમાં થયેલ કૌટુંબિક સમજુતી મુજબ રેવન્યુ રેકર્ડમાં વાદીનું નામ દાખલ કરવા માટેની કાર્યવાહી કરવા અને તેમાં સંમતિ આપવા જણાવતા પ્રતિવાદીએ આવી કોઇ કાર્યવાહી કરવાનો થોડા દિવસ પહેલા સ્પષ્ટપણે ઇન્કાર કરતા તેમજ દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર પ્રવે્શ કરી વાદીના કબજા ભોગવટો છીનવી લેવા પ્રયત્ન કરેલ હોય જેથી હાલની આ અરજી લાવી દાદ માંગેલ છે કે,

આ કામના પ્રતિવાદી જાતે કે તેમના પુત્રો, એજન્ટ, નોકર, મુખત્યાર કે અન્ય કોઇપણ મારફતે રાજકોટ જીલ્લાના જેતપુર તાલુકાના ગામ જેતપુરના રેવન્યુ સર્વે નં.૭૨૪/૯ ની જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેમજ વાદીના કબજાભોગવટામાં કોઇપણ પ્રકારનો અંતરાય–અવરોધ કરે કે કરાવે નહી કે વાદીને ઉપજ–નીપજ લેતા કોઇપણ પ્રકારની અટકાયત કરે કરાવે નહી તેવો આ દાવાના આખર નિકાલ થતા સુધીનો વચગાળાનો મનાઇ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) સંબધિત કામે પ્રતિવાદીને દાવો રજીસ્ટર કરી નોટીસ કરતા પ્રતિવાદી તરફે આંક– ૧૩ થી વાદીની દાવા અરજી તથા મનાઇ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે અને વાદીની મનાઇ અરજીની તમામ હકીકતોનો પેરાવાઇઝ ઇન્કાર કરી નકારાત્મક જવાબ આપી વધુમાં જણાવેલ છે કે, વાદીના દાવાને નોન જોઇન્ડર ઓફ નેસસરી પાર્ટીઝનો બાદ નડે છે. તેમજ દાવા પેરા–૧,૨ ની હકીકત ખરી છે.સર્વે નં.૭૨૪/૯ ની જમીન સને ૧૯૯૬ થી કૌટુંબિક વહેંચણીથી તેઓ પ્રતિવાદીના ભાગે આવેલ છે અને સને ન ૧૯૯૬ માં તા.૧૦.૧૦.૧૯૯૬ ના રોજ હૈયાતીમાં વહેંચણી જેતપુર ખાતા નં.૨૨૨ ના ખાતેદાર શીવલાલ જસમતભાઇએ પોતાની સીમજમીન પૈકી સર્વે નં.૭૨૪/૯ એકર ૫–૩૫ ગુંઠા પોતાની હૈયાતીમાં તેમના પુત્ર પ્રવિણચંદ્રને આપેલ છે તથા આ કામના વાદી તથા ચુનીભાઇ તથા બહેન સીમાબેને હકક જતો કરેલ છે.અરજીના આધારે ફેરફારની નોંધ લીધી જે નોંધ તા.૧.૧.૧૯૯૭ ના રોજ પ્રમાણીત થયેલ અને સને ૧૯૯૭ થી પ્રતિવાદી વાદગ્રસ્ત ખેતીની જમીનનો મહેસુલી વેરો ભોગવતા આવેલ છે અને ત્યારથી સતત અને અવિરત પ્રતિવાદીનો કબજો છે અને હાલમાં પણ તેઓનો કબજો ભોગવટો છે. પક્ષકારોના પિતાશ્રીએ તા.૨૭.૫.૨૦૦૪ ના રોજ કહેવાતુ વીલ બનાવેલ છે તે વીલ રજીસ્ટર્ડ હોય અને જેતપુરના સબ રજીસ્ટાર કચેરીમાં નોંધાયેલુ હોય તેની જાણ પ્રતિવાદીને વાદીએ આજદિન સુધી કરેલ નથી તેમ વીલના સાક્ષીમાં પક્ષકારોના ભાઇ ચુનીલાલ કાલરીયાના પુત્ર વિપુલ ચુનીલાલે સહી કરેલ છે અને ઓળખાણ પણ આપેલ છે.આ કામમાં વીલ બનાવનારના પૌત્ર સાક્ષી તરીકે સહી કરેલ હોય જેથી વીલ માન્ય રહી શકે તેમ નથી. તેમજ સદરહું ૧૯૯૬ થી પ્રતિવાદીએ વાદગ્રસ્ત જમીનમાં વાવેતરો કરતા તેમજ સહકારી ધિરાણ લીધેલ હોય, પાક વિમા લીધેલ હોય જે અંગેના બીલો તથા મહેસુલ ભર્યાની પહોંચો પ્રતિવાદીના નામજોગની છે પંરતુ છેલ્લા બે વર્ષથી લોકડાઉનની તકલીફ ના હિસાબે વાદીએ બિનઅધિકૃત કબજો લીધેલ હોય તેવુ નામદાર કોર્ટને જણાવીને ગેરમાર્ગે દોરેલ છે. આ કામના વાદીએ બિનકાયદેસર, બિનઅધિકૃત જેતપુરના મહે.એડી સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દિ.નં.૮૬/૧૮ થી દાવો દાખલ કરી સુરેશભાઇ દુદાભાઇ માલવીયા સામે કરેલ છે. જે દાવામાં વાદીએ પ્રતિવાદી વાદગ્રસ્ત જગ્યામાં વાદીની કબજા

ભોગવટામાં અંતરાય કે રૂકાવટ કરવાનો હકક કે અધિકાર નથી તેવુ વિજ્ઞાપન કરી આપવા અરજ કરેલ છે જેની સુનાવણી બાકી છે. સુરેશભાઇ માલવીયા સાથે જમીન બાબતે ખોટુ કારણ ઉભુ કરી ખોટો દાવો દાખલ કરી વાદી પોતાનો કબજો હોય તેમજ સુરેશભાઇને વાદગ્રસ્ત ખેતીની જમીન સાથે કશુ જ લાગતુ વળગતુ ન હોય જેથી સુરેશભાઇ સામે પણ ખોટો દાવો કરેલ છે. તેમજ વાદીની પાસે કબજો નથી, વાદીનું જમીનમાં સેટલ પઝેશન નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં નથી તેમજ સર્વપ્રથમ પિતાશ્રી શીવલાલભાઇ જસમતભાઇ કાલરીયાએ જમીન ખરીદ કરેલ નથી અને વિનોદરાય મુળઝી પાસેથી ભાઇઓ ભાગમાં આવેલ છે એટલે કે જસમતભાઇની મિલકત શીવલાલભાઇને વારસામાં મળેલ હોય ત્યારે તે મિલકતનું વીલ બની શકે નહી ઉપરોકત તમામ હકીકતે વાદીનો મનાઇ અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામમાં પક્ષકારોએ પોતાનો પ્રથમદર્શીનીય કેસ સાબિત કરવા માટે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો

**<u>વાદી પક્ષ તરફેઃ–</u>**

| અ.નં. | માર્ક | દસ્તાવેજનુ વર્ણન |
|---|---|---|
| ૧ | ૩/૧ | પી.જી.વી.સી.એલ. સને ૨૦૧૪ નુ બીલ તથા પહોંચ |
| ૨ | ૩/૨ | પી.જી.વી.સી.એલ. સને ૨૦૧૩નુ બીલ તથા પહોંચ |
| ૩ | ૩/૩ | પી.જી.વી.સી.એલ. સને ૨૦૧૨ નુ બીલ તથા પહોંચ |
| ૪ | ૩/૪ | પી.જી.વી.સી.એલ. સને ૨૦૧૧ નુ બીલ તથા પહોંચ |
| ૫ | ૩/૫ | વાદીએ વેચેલ ખેત ઉત્પાદનનું શ્રીનાથજી ઇન્ડ્સ્ટ્રીઝનું ખરીદ વાઉચર |
| ૬ | ૩/૬ | વાદીએ વેચેલ ખેત ઉત્પાદનનું શ્રીનાથજી ઇન્ડ્સ્ટ્રીઝનું ખરીદ વાઉચર |
| ૭ | ૩/૭ભવાવ | ભારતીય કપાસ નિગમ પાસેથી વાદીએ ખરીદ કરેલ બીલ |
| ૮ | ૩/૮ | વાદીએ વેચેલ માલનું શીવધારા એન્ટરપ્રાઇઝની પહોંચ |
| ૯ | ૩/૯ | વાદીએ વેચેલ માલનું શીવધારા એન્ટરપ્રાઇઝની પહોંચ |
| ૧૦ | ૩/૧૦ | અશોકકુમાર મનસુખલાલની પેઢીએ વાદી પાસેથી ખરીદ કરેલ તેની પહોંચ |
| ૧૧ | ૩/૧૧ | અશોકકુમાર મનસુખલાલની પેઢીએ વાદી પાસેથી ખરીદ કરેલ તેની પહોંચ |
| ૧૨ | ૩/૧૨ | મેસર્સ પીન્ટુકુમારની પેઢીએ વાદી પાસેથી ખરીદ કરેલ એરંડાની રકમની પહોંચ |
| ૧૩ | ૩/૧૩ | મેસર્સ પીન્ટુકુમારની પેઢીએ વાદી પાસેથી ખરીદ કરેલ એરંડાની રકમની પહોંચ |
| ૧૪ | ૩/૧૪ થી | જેતપુર ખેતી વિ.વિ.કાર્યકારી સહકારી મંડળીના વાદીનો નામનો કેસ મેમાઓ |

| | | |
|---|---|---|
| | ૩/૧૮ | |
| ૧૫ | ૩/૧૯ | જેતપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ લિ. પાસેથી ખરીદ કરેલ ખાતરનો કેસ મેમો |
| ૧૬ | ૩/૨૦ | સ્વ.શીવલાલ જસમતભાઇએ કરેલ વીલનો પત્ર |
| ૧૭ | ૩/૨૧ | સ્વ.શીવલાલ જસમતભાઇએ કરેલ વીલ |
| ૧૮ | ૩/૨૨ | શીવલાલાભાઇના મરણનુ પ્રમાણપત્ર |
| ૧૯ | ૩/૨૩ | વાદીએ સુરેશભાઇ દુદાભાઇ સામે કરેલ રે.દિ.નં.૮૬/૧૮ ની લીઝ નોટીસ |
| ૨૦ | ૩/૨૪ | વાદીએ કરેલ રે.દિ.નં.૮૬/૧૮માં કોર્ટ કમિશ્નરશ્રીએ કરેલ પંચનામું |
| ૨૧ | ૩/૨૫ | દાવાવાળી જગ્યાએ લગાડેલ બોર્ડ તેનો ફોટોગ્રાફ |
| ૨૨ | ૧૦/૧ | સર્વે નં.૭૨૪/૯ નું સ્થળ સ્થિતિનું રોજકામ |
| ૨૩ | ૧૦/૨ | સર્વે નં.૭૨૪/૯ નો રફ સ્કેચ |

**<u>પ્રતિવાદી પક્ષ તરફેઃ–</u>**

| **અ.નં.** | **માર્ક** | **દસ્તાવેજનુ વર્ણન** |
|---|---|---|
| ૧ | ૧૪/૧ | પ્રતિવાદીએ મહેસુલ કર ભર્યાની પહોંચ |
| ૨ | ૧૪/૨ | ખેડુત નોંધણીપત્ર |
| ૩ | ૧૪/૩ | પ્રતિવાદીએ કપાસ વેચાણ કર્યાનું બીલ |
| ૪ | ૧૪/૪ | શ્યામ કૃષિ વિકાસ કેન્દ્ર પાસેથી ખરીદ કરેલ દવાનુ બીલ |
| ૫ | ૧૪/૫ | શ્યામ કૃષિ વિકાસ કેન્દ્ર પાસેથી ખરીદ કરેલ દવાનુ બીલ |
| ૬ | ૧૪/૬ | પ્રતિવાદીએ કપાસ વેચાણ કર્યાનુ બીલ |
| ૭ | ૧૪/૭ | પ્રતિવાદીએ કપાસ વેચાણ કર્યાનુ બીલ |
| ૮ | ૧૪/૮ | શ્યામ કૃષિ વિકાસ કેન્દ્ર પાસેથી ખરીદ કરેલ દવાનુ બીલ |
| ૯ | ૧૪/૯ | શ્યામ કૃષિ વિકાસ કેન્દ્ર પાસેથી ખરીદ કરેલ દવાનુ બીલ |
| ૧૦ | ૧૪/૧૦ | ક્રિષ્ના નર્સરી પાસેતી ખરીદ કરેલ લીમડાનું બીલ |
| ૧૧ | ૧૪/૧૧ | પ્રતિવાદીએ મહેસુલકર ભર્યાની પહોંચ |
| ૧૨ | ૧૪/૧૨ | પ્રતિવાદીના ગામ નમુના નં.૭–૧૨ |
| ૧૩ | ૧૪/૧૩ | પ્રતિવાદીના ગામ નમુના નં. ૮ |
| ૧૪ | ૧૪/૧૪ | ગામ નમુના નં.૬ હકકપત્રકની નોંધ નં.૧૦૮૨ |
| ૧૫ | ૧૪/૧૫ | બેંક ઓફ બરોડાના ખાતાનો ઉતારો |

(૪) વાદી તરફે આંક–૮ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે અને પ્રતિવાદી તરફે આંક–૨૯ થી લેખિત દલીલ રજુ રાખવામાં આવેલ છે. પક્ષકારો તરફે રજુ રાખવામાં આવેલ

દલીલો વંચાણે લીધી.

(૫) ઉપરોકત હકીકતે અરજીનો નિર્ણય કરવા અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| મુદ્દા નં.૨ | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે? |
| મુદ્દા નં.૩ | શું વાદીને ઇર–રીપેરેબલ લોસ જાય છે? |
| મુદ્દા નં.૪ | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | હકારમાં. |
| મુદ્દા નં.૨ | હકારમાં. |
| મુદ્દા નં.૩ | હકારમાં. |
| મુદ્દા નં.૪ | આખરી હુકમ મુજબ. |

## //કા ર ણો//

**મુદ્દા નં.૧ થી ૩ ::–**

(૭) દિવાની કાર્યરીતીમાં સર્વ સામાન્ય સિદ્ધાંત છે કે કામચલાઉ મનાઇ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રૂબરૂ ચોખ્ખા હાથે આવવુ જોઇએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનું રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી વાદી આપોઆપ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઇ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુકશાન જાય તેમ

છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તુણુંક તથા ડીલે અને લેચીસની હકીકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટ કામચલાઉ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઇ હુકમની દાદનો મુખ્ય ઉદ્ધેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષયવસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલે કામચલાઉ મનાઇ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાના આખરી સ્વરૂપની ન હોવી જોઇએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોતપોતાના અંગત હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપિત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઇ જતો હોય, તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઇ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબત છે અને મનાઇ હુકમનો નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકશાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઇ મનાઇ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

ઉપરોકત સર્વ સામાન્ય દિવાની કાર્યરીતીના સિદ્ધાંતોને ધ્યાને લઇ ઉપરોકત ધડવામાં આવેલા કારણો નં.૧ થી ૩ અન્વયે પુનરાવર્તન ટાળવા સારૂ ત્રણેય મુદ્દાની ચર્ચા નીચે મુજબ એકીસાથે ચર્ચા કરવામાં આવેલ છે.

સદર કામે વાદી હાલનો આ દાવો જે સ્વરૂપે લાવેલા છે તેમાં વાદવાળી મિલ્કત વાદીના તથા પ્રતિવાદીના પિતાના નામે રહેલ હોવાનું ફલીત થાય છે. તેમજ, વાદીના પિતા દવારાન તા.૨૭/૫/૨૦૦૪ તથા તા.૨૭/૫/૨૦૧૧ ના રોજ કરાયેલ વિલ નિ.૩/૧૯ તથા નિ.૩/૨૦ ધ્યાને લેતા વાદવાળી મિલ્કત વાદીને તેમના પિતા દવારા વિલથી અપાયેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે જે અનુસંધાને પ્રતિવાદી દવારા સદર વીલ માં શાખમાં વાદીના ભત્રીજાની સહી રહેલ હોય વિલ માન્ય ગણી શકાય નહી તેવી દલીલ કરાયેલ છે જે દલીલ અનુસંધાને પ્રતિવાદી દવારા સદર નિ.૩/૨૦ વાળુ વિલ પ્રતિવાદીએ કયાંય

ચેલેન્જ કરેલ હોય કે કે તે રદ કરાવવા તજવીજ કરાયેલ હોય તેવું પણ આ તબકકે જણાઈ આવતું નથી. તેમજ, સદર કામે કરવામાં આવેલ પંચરોજકામ નિ.૧૦/૧ માં પંચો દવારા વાદવાળી મિલ્કતમાં વાદીનો કબજો રહેલ હોવાનું સ્વિકારે છે અને સદર રજુ પંચ રોજકામમાં પ્રતિવાદી એ વાંધા વિના સહી પણ કરી આપેલ છે. જે વાદીની દાવાની હકીકતો ને સમર્થન આપે છે. ત્યારે સદર કામે થયેલ પંચ રોજકામ – નિ.૩/૧૦ તથા વાદી દવારા રજુ કરાયેલ નિ.૩/૨૦ નું પક્ષકારોના પિતાશ્રી દવારા કરાયેલ બીજુ વિલની હકીકતો ના આધારે પણ વાદવાળી જમીનમાં વાદીનો કબજો રહેલ હોવાનું આ તબકકે પુરાવો લીધા વિના માની શકાય છે.પ્રતિવાદી તરફે તેમની દલીલના સમર્થનમાં નિ.૧૪/૧ થી ૧૪/૧૫ ના દસ્તાવેજો અનુસંધાને દલીલ કરાયેલ છે પરંતુ આ તબકકે રજુ સદરહું દસ્તાવેજો વાદવાળી ખેતીની જમીનના જ હોય તેવું પણ માની લઈ શકાય તેમ ન હોય પ્રતિવાદી તરફથી કરાયેલ દલીલો ગ્રાહય રહી શકે તેમ નથી. આમ, હાલની આ અરજી નિર્ણીત કરતી વખતે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાઈ આવતો હોય સદર કામે કરાયેલ પંચ રોજકામ તથા રહેલ દસ્તાવેજો આધારીત સગવડતા સમતુલાની ધરા વાદીની તરફેણમાં હોય અને નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન પણ વાદીને થાય તેમ હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ નામ. વડિ અદાલતના તથા નામ. સર્વોચ્ચ અદાલતના નીચ્ચે મુજબના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખેલ છે.નામ.ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૦ (૩) જી.એલ.આર. ૨૭૫૯ અદાણી એક્ષ્પોર્ટ વિ.હિન્દસ્તાન ઓર્ગેનીક કેમીકલ્સ ધ્યાને લેતા નામ. ગુજરાત હાઈકોર્ટએ ઠરાવ્યુ છે કે પ્રાઈમાફેશી કેસ હોય ત્યારે મનાઈહુકમ આપવો જોઈએ કેસના મેરીટમાં આ તબકકે કોર્ટને જવાની જરૂર નથી. સદર ચુકાદાની હેડ–નોટ નીચ્ચે મુજબ છે.

(A) Civil Procedure Code, 1908 (V of 1908) - Order 39, Rules 1 and 2 - Principles regarding grant of injunction application - Satisfaction of the Court regarding prima facie case - Not necessary for Court to examine merits of the case to ascertain whether plaintiff is likely to succeed - It is enough if plaintiff shows a fair question which can be raised at trial - Principles in this regard formulated.

It is well settled principles of law that the rule that before the issue of a

temporary injunction, the Court must satisfy itself that the plaintiff has a prima facie case, does not mean that the Court should examine the merits of the case closely and come to a conclusion that the plaintiff has a case in which he is likely to succeed. This would amount to prejudging the case on its merits. All that the Court has to see is that on the face of it the person applying for an injunction has a case which needs consideration and which is not bound to fail by virtue of some apparent defects. (Para 31)

તેમજ, નામ.સુપ્રીમ કોર્ટના એ.આઈ.આર.૨૦૦૮ એસ.સી. ૨૦૩૩ નો ચુકાદો ધ્યાને લેતા નામ.સર્વોચ્ચ અદાલત દવારા નીચ્ચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

(A) Specific Relief Act (47 of 1963) , S.38 - INJUNCTION - Prohibitory Injunction relating to immovable property - Suit for - Scope of.

(d) Where there are necessary pleadings regarding title, and appropriate issue relating to title on which parties lead evidence, if the matter involved is simple and straight forward, the court may decide upon the issue regarding title, even in a suit for injunction. But such cases, are the exception to the normal rule that question of title will not be decided in suits for injunction. But persons having clear title and possession suing for injunction, should not be driven to the costlier and more cumbersome remedy of a suit for declaration, merely because some meddler vexatiously or wrongfully makes a claim or tries to encroach upon his property. The Court should use its discretion carefully to identify cases where it will enquire into title and cases where it will refer to plaintiff to a more comprehensive declaratory suit, depending upon the facts of the case.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ તથા નામ.સુપ્રીમ કોર્ટના નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોય અને સગવડતા સમતુલા તથા નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન થવાની વકી પણ વાદીની તરફેણમાં રહેતી હોવાનું જણાય છે ત્યારે મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આપી મુદા નં.૪ અન્વયે આખરી હુકમ નીચ્ચે મુજબ કરુ છુ.

**<u>-: હુ ક મ :-</u>**

- આ કામે વાદી પક્ષની હાલની આ અરજી **મંજુર** કરવામાં આવે છે.
- પ્રતિવાદીએ કે તેમના પુત્રોએ કે અન્ય કોઈ મારફત વાદવાળી મિલ્કતમાં કોઈપણ પ્રકારનો અંતરાય કે અવરોધ કરવો નહી કે ઉપજ-નિપજ લેતા અટકાયત કરવી નહી
- ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૯ મી માહે-નવેમ્બર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જેતપુર.
તા.૦૯/૧૧/૨૦૨૩

**અલીઅસગર હસનઅલી હીરાની**
**એડીશ્નલ સીની.સીવીલ જજ**
**જેતપુર.**
**કોડ નં. જીજે-૦૧૧૮૪.**